ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૮-૦૬-૨૦૨૪**

- **ગુજરાતની ખેતીને સમસ્યા મુક્ત કરી નફાકારક કરવા માટે ગુજરાત સરકાર "ગુજરાત રાજ્ય કૃષિ સેવા આયોગ" ની રચના કરે - મનહર પટેલ**
- **ગુજરાતની ખેતીનુ પોસ્ટમોર્ટમ - ખેડુતો ખેતર છોડી ભાગી રહ્યા છે કારણ કે સરકાર ખેડુતોના પ્રશ્નોથી ભાગી રહી છે.- મનહર પટેલ**
- **૩૫ વર્ષનો મારો એક કૃષિ અભ્યાસુ તરીકેનો અનુભવ કહે છે કે રાજ્યના મુખ્યમંત્રી/કૃષિમંત્રી ખેડુત બનીને ખેડુત સામે નજર કરીને ખેતી વિષયક નિર્ણયો કરે તો ખેડુતોની આવક બમણી કરવા માટે ૫ વર્ષ પુરતા છે.- મનહર પટેલ.**

ખેતી અને ખેડુત સામે રાજ્ય સરકારનો રવૈયો છેલ્લા ૨૦ વર્ષનો રહ્યો એવો જ રહેશે તો થોડા વર્ષોમા ગુજરાતમા ખેતીની જમીન બંજર બની જશે અને સરકારની સહાય લેવાવાળો કોઇ ખેડુત પણ નહી બચે, રાજ્ય સરકારની આજની પોલીસી એવી છે કે દિનપ્રતિદિન ખેતીવાડીએ ઉદ્યોગની પુરક બનવાને બદલે ખેતીવાડી ઉદ્યોગનો ખોરાક બની રહી છે.

ગુજરાતનો ખેડુત કોઠા સુજવાળો અને કર્મઠ છે, આધુનિક ખેતી પદ્ધતિ અપનાવવાનો અભિગમ ધરાવે છે,સાહસિક અને ઉદ્યમી છે, આમ છતાં ૨૫ વર્ષથી ખેતીને નફાકારક બનાવવામા સરકારની પોલીસી નિષ્ફળ કેમ છે ? રાજ્ય સરકાર પાસે આનો કોઇ જવાબ નથી. સત્ય એ છે કે ભાજપા સરકાર અને તંત્ર ખેતીની નાડ પારખવામા સંપુર્ણ નિષ્ફળ ગઈ છે, તેનુ મુખ્ય અને મુળનુ કારણ ભાજપા સરકારમા ઉદ્યોગ સાહસિકને જે લાભો અને વાતાવરણ મળે છે તે ખેતીને મળતુ નથી. એવી રીતે સરકારની ખેતી અને ઉદ્યોગને વિકસાવવા માટે બન્ને સામે સમાંતર દ્રષ્ટી નથી એટલે ખેતીના પ્રશ્નો અને સમસ્યાથી ખેડુતો ઘેરાયેલા રહે છે, જ્યા સુધી ખેડુતો સમસ્યા મુકત નથી ત્યા સુધી કૃષિ આબાદી શકય નથી. એટલે આ દિશામા મજબુત કદમ ભરવાની અનિવાર્યતા છે, તેના માટે નીચે આપેલા ખેડુતોને મુંજવતા ૬ મહત્વના પરિબળો ઉપર ઠોસ નિર્ણય કરવો રહ્યો...

1. ખેતીને સમયે પાણી મળે..
2. ખેતીને સમયે વિજળી મળે..
3. ખેતીને ગુણવત્તા સભર એગ્રી ઈનપુટસ (બીજ-ખાતર-જંતુનાશક દવા) અને જીએસટી મુક્ત.
4. ખેતી પાકના પોષણક્ષમ ભાવ મળે..
5. ખેતી પાકને સુરક્ષા મળે..
6. ખેતી પાકને વિમાનુ સુરક્ષા કવચ મળે

ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા અને કૃષિ અભ્યાસુ શ્રી મનહર પટેલ રાજ્ય સરકારને રાજ્યમા “ગુજરાત રાજ્ય કૃષિ સેવા આયોગ ” ની સ્થાપના કરવાની ભાલામણ કરે છે અને આ કૃષિ આયોગ નીચે રાજ્યની ખેતી નિયામકશ્રી ઓફિસ/ગજરાત એગ્રો ઈન્ડ.કોર્પોરશિ લી./ગજરાત રાજ્ય બીજ નિગમ લી./ ગુજરાત બીજ પ્રમાણિત એજન્સી./ગુજરાત જમીન નિકાસ નિગમ જેવા બોર્ડ/નિગમોને તેમા સમાવીને ગુજરાત રાજ્યના કૃષિ વિભાગના વહીવટી માળખમા આમુલ પરિવર્તન માટે અનિવાર્ય ગણાવ્યુ છે, ખાસ કરીને કૃષિ આયોગની રચનાથી ખેડુતને મુંજવતા અને સરકારને ચિંતા મુકતા ઉપર દર્શાવેલ ૬ મુદ્દાનો સરળ રીતે તેમા ઉકેલ છે,સરકારી કંટીજન્સી ખર્ચમા ઘટાડો,વહીવટી પારદર્શકતા અને સરળતા, ભ્રષ્ટાચારીઓ માટે મોટા દરવાજા બંધ,બાબુઓની જોહુકમી ઉપર લગામ,ખાનગી ઈજારેદારો અને સત્તાપક્ષના અમુક ભ્રષ્ટ નેતાઓની ભાગીદારીના અવકાશને પુર્ણ વિરામ એવુ સંપુર્ણ ડિઝીટલ માળખુ છે.

રાજ્ય કૃષિ આયોગ થકી ગુજરાતની ખેતીનુ વિસ્તારવાર/પાકવાર કુલ ઉત્પાદન/વેચાણ અને નિકાસના આંકડા સ્પષ્ટ મળશે, કૃષિ આયોગના તાબામા રાજ્યના કૃષિ કર્મચારી/અધિકારીઓની સીધી ભરતી/પ્રમોશન રહેશે તેના કારણે અધિકારી વર્ગ ઉપર શિસ્ત અને વહીવટી પકકડ મજબુત બનશે, તેમજ અનેક ખેડુતો અને સરકારને મુજવતા નાના મોટાપ્રશ્નોમાથી બહાર આવશે. આમ ખુબ અભ્યાસને અંતે આ “ગુજરાત રાજ્ય કૃષિ સેવા આયોગ” નુ માળખુ આપ સૌ મિડીયાના માધ્યમથી ગુજરાત સરકાર સમક્ષ મુકી રહ્યા છે, આશા રાખુ  છુ કે રાજ્ય સરકાર ખેડુત-ખેતીની પાયાની કાયમી સમસ્યા નિવારણ માટેની આ ભલામણને અભ્યાસ કરી સ્વીકારે.

રાજ્ય સરકાર “ગુજરાત રાજ્ય કૃષિ સેવા આયોગ” બાબતે આગળ વધવાની ઉત્સુકતા દાખવશે તો રાજકીય બાબતોથી પર રહીને સંવાદ અને સહકાર માટે શ્રી મનહર પટેલ ખાતરી આપે છે.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ